## **-:મુદ્દા(Issue):-**

**૧.** શું ફરીયાદપક્ષ સાબીત કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૬-૧-૨૬ ના રોજ કલાક-૧૯:૦૦ વાગે મોજે સોનગઢ દેવજીપુરા માર્કેટ ફળીયામા તહો.ના રહેણાક ઘરમા પોતે પોતાના કબજામા વગર પાસ પરમીટે એક પ્લા.ના કેનમા દેશી દારૂ ૦૪ લિટર કિં.રૂ.૮૦૦/- નો પ્રોહી મુદામાલ રાખી પકડાઈ જઈ ગુનો કરેલ હોય જે ગુનાના કામે પ્રોહી એકટની કલમ ૬૫ (એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

**૧. નકારમાં.**
**૨. આખરી હુકમ મુજબ.**

**(A) Findings And Discussion Of Appreciation Of Evidence (કારણો/ ચર્ચા અને પુરાવાનુ મુલ્યાંકન):-**

### -:કારણો:-

(૮) **મુદ્દા નંબર : ૧ અંગેના કારણો:-**

**મુદ્દા નંબર : ૧**

(૮.૧) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક-૧૧ થી ફરીયાદી અર્જુનભાઈ નારાયણભાઈનાઓને તપાસેલા છે. તેઓ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ અમો અમારી ફરજ પર હાજર હતા ત્યારે અમો તથા અ.હે.કો. અનિલભાઈ રામચંદ્ર તથા બે પંચોના માણસો સાથે ખાનગી વાહનમા બેસી પ્રોહી રેડમાં નીકળેલા હતા. તે વખતે સોનગઢ પો.સ્ટે વિસ્તારમા દેવજીપુરા માર્કેટ ફળીયામાં એક ઈસમ જેનુ પંચો રૂબરૂ તેમનુ નામ પુછતા ઠાકોરભાઇ ગીરીયાભાઇ ગામીત, રહે. સોનગઢ દેવજીપુરાના તેના ઘરની ઝડતી તપાસ કરતા ઘરની પજારીમાંથી એક પ્લા.ના કેનમા આશરે ૦૪ લીટર કીંમત રૂ.૮૦૦/- નો મુદ્ધામાલ મળી આવેલ. સદર મુદ્ધામાલ રાખવા બાબતે પાસ પરમીટની માંગણી કરતા નહી હોવાનુ જણાવેલ. સદર મુદ્ધામલમાંથી નમુના માટે એક બોટલમા ૧૮૦ મીલી જેટલો દારૂ કાઢી લઈ તેના ઉપર પંચોની સહીઓવાળી કાપલીઓ બાંધી પોઈન્સના માર્કાથી શીલ કરી તપાસ અર્થે કબજે કરેલ. સદર ગુનાની ફરીયાદ અમોએ આપેલ. આજ રોજ મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે. જેને રજુ દાખલ આંક-12 આપવામાં આવે છે.

સદર ફરીયાદીની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે અને ત્યા ઘણાબધા માણસોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે

=================================================================

બનાવવાળી જગ્યા માલીકી અંગેનો પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમાં કેટલા વાગ્યાથી કેટલા વાગ્યા સુધી પેટ્રોલીંગમાં હતા તેનો સમય જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદમાં પંચોના નામો જણાવેલ છે તે ખોટી રીતે જણાવેલા છે. એ વાત ખરી નથી કે, આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોવા છતાં ખોટી ફરીયાદ આપેલ છે અને આજ રોજ ખોટી જુબાની આપુ છુ.

(૮.૨) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક-૬ થી પંચ સાહેદ કાર્તિકભાઈ સંજયભાઈ તથા આંક-૮ થી પંચ સાહેદ ઈશ્વરભાઈ રાજારામભાઈનાઓને તપાસેલા છે. તેઓ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, ''તેઓએ આંક-૭ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોઈ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ-૧૫૭ અનુસાર ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા વિ.એ.પી.પી.શ્રીને પંચ સાહેદોની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ, તેમાંથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કે પંચનામાને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારબાદ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામા અંગે તેઓને સહી કર્યા સીવાય કોઈ જાત માહીતી નથી. ''

(૮.૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક-૯ થી ત.ક.અ. અનીલભાઈ રામચંદ્રનાઓને તપાસેલા છે. તેઓ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ અમો અમારી ફરજ પર હાજર હતા ત્યારે અમો તથા અ.પો.કો. અર્જુનભાઈ નારાયણભાઈ તથા બે પંચોના માણસો સાથે ખાનગી વાહનમા બેસી પ્રોહી રેડમાં નીકળેલા હતા. તે વખતે સોનગઢ પો.સ્ટે વિસ્તારમા દેવજીપુરા માર્કેટ ફળીયામાં એક ઈસમ જેનુ પંચો રૂબરૂ તેમનુ નામ પુછતા ઠાકોરભાઇ ગીરીયાભાઇ ગામીત, રહે. સોનગઢ દેવજીપુરાના તેના ઘરની ઝડતી તપાસ કરતા ઘરની પજારીમાંથી એક પ્લા.ના કેનમા આશરે ૦૪ લીટર કીંમત રૂ.૮૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ. સદર મુદ્દામાલ રાખવા બાબતે પાસ પરમીટની માંગણી કરતા નહી હોવાનુ જણાવેલ. સદર મુદ્દામલમાંથી નમુના માટે એક બોટલમા ૧૮૦ મીલી જેટલો દારૂ કાઢી લઈ તેના ઉપર પંચોની સહીઓવાળી કાપલીઓ બાંધી પોઈન્સના માર્કાથી શીલ કરી તપાસ અર્થે કબજે કરેલ. સદર ગુનાની ફરીયાદ અર્જુનભાઇ નારાયણભાઇ આપેલ. સદર ગુનો રજી થતા આગળની તપાસ અમોને મળતા આરોપી સામે નામ. કોર્ટમા ચાર્જશીટ કરેલ.

સદર ત.ક.અ. ની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે અને ત્યા ઘણાબધા માણસોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા માલીકી અંગેનો પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે તપાસના કામે સ્વતંત્ર

=================================================================

